PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૪૬૮-૨ તારીખ : ૨૦ - ૦૧ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
અશ્વિનભાઈ રવજીભાઇ સતાણી
૧ - સાધના સોસાયટી, પ્લોટ નં. ૩૩ - A "શ્રી નાથજી" રાજકોટ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૨
મોબાઈલ : ૯૯૨૫૦૦૧૪૦૫

વિષય : બીલમાં ફોલ્ટી મીટરના પૈસા જમા આપવા બાબતે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
(અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૨/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, સોરઠીયા વાડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૨/ક્વા-3/૨૨-૨૩/ 468-2 તા. 20-01-23

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**નોંધણી નંબર -૨૨/ક્વા-૩/૨૨-૨૩ તા.૧૭-૧૨-૨૦૨૨**

| | |
|---|---|
| અરજદાર | : શ્રી અશ્વિનભાઈ રવજીભાઇ સતાણી, ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી અરૂણભાઈ રવજીભાઈ સતાણી |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૧ |
| રજૂઆત કરનાર | : શ્રી બી,સી. રાઠોડ, કાર્યપાલક ઈજનેર ,પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર -૧ અને શ્રી કે.સી.પારેખ, અધિકક્ષક હિસાબનીશ, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર -૧ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૧૧.૦૧.૨૦૨૩ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૧.૦૧.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.૩૧૭૦૫/૦૫૦૬૯/૭ થી આર.જી.પી.યુ. કેટેગરી હેઠળનું ૦૭ કીવોનું વીજકનેકશન ધરાવે છે. તેઓના સદર જોડાણમાં મીટરમાં ડિસ્પ્લે બંધ થયેલ હોવાથી તા.૨૫.૦૭.૨૦૨૨ ના રોજ મીટર બદલાવેલ છે. જે મીટર તા.૦૬.૦૯.૨૦૨૨ ના રોજ લેબોરેટરીમાં ચકાસણી કરતા મીટરમાં રીડીગ આવેલ હોવા છતા એવરેજ બીલ અપાયેલ છે. આથી અપાયેલ એવરેજ બીલને રીડીગ પ્રમાણે રીવાઈઝ કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે શ્રી અશ્વિનભાઈ રવજીભાઈ સત્તાણીને માહે જુલાઈ-૨૦૨૨ નું ગ્રાહક નં ૩૧૭૦૫/૦૫૦૬૯/૭ માં ફોલ્ટીમીટર નું બીલ ૮૩૦ યુનીટનું આપવામાં આવેલ અને સદર ગ્રાહકનું મીટર ડિસ્પલે ઓફ હોવાથી તા.૨૫.૦૭.૨૦૨૨ ના રોજ બદલી આપેલ હતું. ત્યારબાદના ઓગષ્ટ-૨૦૨૨ ના બિલીંગના સમયમાં મીટર ચેન્જ લઈને કંપનીના નિયમ મુજબ ૮૩૦ યુનિટનું ફોલ્ટી મીટરનું એવરેજનું બીલ સીસ્ટમ દ્વારા બનાવેલ હતું, સદર બીલ ગ્રાહક દ્વારા ભરપાઈ કરેલ હતું.

સદર ગ્રાહકનું મીટરનું લેબ પરિક્ષણ તા.૦૬.૦૯.૨૦૨૨ ના રોજ થયેલ અને તે સમયે સદર મીટરને ટેસ્ટીંગ બેંચ પર ચકાસણી કરતી વખતે ડિસ્પલે ફેઈલ માલુમ પડેલ હોવાથી આ મીટર ફોલ્ટી તરીકે ડીકલેર કરેલ તેમજ બેટરી મોડમાં છેલ્લા યુનિટ તરીકે ૫૫૮૧૧ યુનિટ મળેલ હતા, જેના આધારે ગ્રાહક દ્વારા મીટર રીડીંગ મુજબ બીલ ગણી ફોલ્ટી મીટરના નાણા જમા આપવાની અરજી તા.૦૯.૦૯.૨૦૨૨ ના રોજ સોરઠીયાવાડી પેટાવિભાગીય કચેરી રાજકોટ ખાતે કરેલ, પરંતુ સદર મીટર લેબ ચકાસણી વખતે ફોલ્ટી માલુમ પડેલ હોવાથી લેબ ચકાસણી વખતે માલુમ પડેલ યુનિટને ધ્યાને લઇ શકાય નહિ.

## :: હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ ગ્રાહક નં.૩૧૭૦૫/૦૫૦૬૯/૭ થી આર.જી.પી.યુ. કેટેગરી હેઠળનું ૦૭ કીવોનું વીજકનેકશન ધરાવે છે. તેઓના સદર જોડાણમાં મીટરમાં ડિસ્પ્લે બંધ થયેલ હોવાથી તા.૨૫.૦૭.૨૦૨૨ ના રોજ મીટર બદલાવેલ છે. જે મીટર તા.૦૬.૦૯.૨૦૨૨ ના રોજ લેબોરેટરીમાં ચકાસણી કરતા મીટરમાં રીડીગ આવેલ હોવા છતા વીજબીલ માહે ઓગષ્ટ-૨૦૨૨માં એવરેજ અપાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદારના વીજજોડાણનં ૩૧૭૦૫/૦૫૦૬૯/૭ નુ વીજબીલ માહે જુલાઈ-૨૦૨૨ માં મીટર સ્થિતિ "F" મુજબ ૮૩૦ યુનિટનુ તા.૧૩.૦૭.૨૦૨૨ ના રોજ અપાયેલ હતું ત્યારબાદ સદર મીટર તા.૨૫.૦૭.૨૦૨૨ ના રોજ પ્રફોર્મા-૧૫ નં ૧૧૬૫૮૬ થી મીટર બદલાવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.25.07.22 | New Meter Dt.25.07.22 | Old Meter-As per MT Lab Dt.06.09.2022 |
|---|---|---|---|
| Make | L&G | L&T | L&G |
| Meter No | PLG-03233 | PT-574091 | PLG-03233 |
| Capacity | 10- 60A | 10- 60A | 10- 60A |
| C. Reading | Display Off | 1 KWh | 55811 (Faulty Meter) |
| REMARKS | | | |

ઉપરોક્ત જુના મીટરનું મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચકાસણી તા.૦૬.૦૯.૨૦૨૨ ના રોજ અરજદાર ગ્રાહકની હાજરીમાં કરવામાં આવેલ હતું, જેના લેબ રીપોર્ટ મુજબ મીટર ફોલ્ટી છે તેમજ મીટરનો ડિસ્પ્લે બંધ હોય બેટરી મોડ પર રીડીંગ લેતા નીચે મુજબ નોંધાયેલ છે.

**KWh = 55811, KVah=58967, RMD=3.91 KW, Previous MD=1.48 KW,**

તા.૧૦.૦૧.૨૦૨૩ ના વિભાગીય કચેરી રાજકોટ શહેર-૧ ના ઈમેઈલ મુજબ સદર મીટરનો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ થયેલ નથી.

૪.3 અરજદારના સદર વીજજોડાણમાં થયેલ વીજવપરાશની વિગત પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે પ્રમાણે નોંધાયેલ છે.

| Month/ Year | 2021 | | | 2022 | | | |
|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Unit | Bill Dt | C.R. | S | Unit | Bill Dt |
| Jan | 49435 | 39 | 03.02.21 | 52919 | | 9 | 20.01.22 |
| Feb | 49469 | 34 | 24.02.21 | 52928 | | 9 | 17.02.22 |
| Mar | 49652 | 183 | 24.03.21 | 53059 | | 131 | 17.03.22 |
| Apr | 50138 | 486 | 21.04.21 | 53575 | | 516 | 14.04.22 |
| May | 50685 | 547 | 19.05.21 | 54419 | | 844 | 12.05.22 |
| Jun | 51327 | 642 | 16.06.21 | 55541 | | 1122 | 16.06.22 |
| Jul | 51822 | 495 | 14.07.21 | 55541 | F | 830 | 13.07.22 |
| Aug | 52199 | 377 | 18.08.21 | 292 | C 25.07.2022 | 830 | 17.08.22 |
| Sep | 52441 | 242 | 15.09.21 | 787 | | 495 | 21.09.22 |
| Oct | 52795 | 354 | 21.10.21 | 1196 | | 409 | 19.10.22 |
| Nov | 52880 | 85 | 17.11.21 | 1482 | | 286 | 23.11.22 |
| Dec | 52910 | 30 | 22.12.21 | | | | |

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ મુજબ લેબરીપોર્ટ અને વિભાગીય કચેરીના ઈમેઈલ મુજબ સવાલવાળું મીટર ફોલ્ટી છે તેમજ મીટરનો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ થયેલ ન હોવાથી મીટર ક્યા સમયગાળાથી ફોલ્ટી થયેલ છે તેની માહિતી ન હોવાથી નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૫૮ મુજબ અરજદારને વીજબીલ માહે જુલાઈ-૨૦૨૨ ના સરેરાશ વપરાશ મુજબ ૮૩૦ યુનીટનું અપાયેલ છે જે યોગ્ય છે.

ત્યારબાદ અરજદારને વીજબીલ ઓગષ્ટ-૨૦૨૨ માં અપાયેલ સરેરાશ વપરાશ ૮૩૦ યુનીટનું વીજબીલ રદ કરીને અરજદારના સરેરાશ વીજવપરાશને ધ્યાને રાખીને પ્રતિદિન વીજવપરાશ (૮૩૦/30 =૨૭.૬૬) ૨૮ યુનીટ થાય છે. તે મુજબ સદર વીજબીલ અગાઉની બિલીંગ તા.૧૩.૦૭.૨૨ થી મીટર બદલ્યા તા.૨૫.૦૭.૨૨ સુધીના કુલ ૧૨ દિવસો નો વીજવપરાશ પ્રતિદિન ૨૮ યુનીટ મુજબ અને તા.૨૫.૦૭.૨૦૨૨ થી તા.૧૭.૦૮.૨૦૨૨ સુધીમાં મીટરમાં નોંધાયેલ ૨૯૨ રીડીંગ મુજબ એટલેકે (૧૨*૨૮)+૨૯૨ =૬૨૮ યુનીટના વીજબીલ પ્રમાણે રીવાઈઝ કરીને વીજબીલ આપવું તેવી પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે, અને અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin N.H.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.જી.કારીયા)
સભ્ય (ટેકનીકલ)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨.૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ,કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧